તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૬/૨૨૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. 13 JUN 2018

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૬/ ૨૨૪/ગ

(૨) કમિશનરશ્રી (આ.વિ.), ગાંધીનગરનો તા.૨૬/૦૪/૨૦૧૮ નો પત્રક્રમાંક: આવિ/અનશ/ ફા.નં.૧૧૫૩(૨)/૨૦૧૭-૧૮/૬૦૯ તથા તા.૨૪/૦૫/૨૦૧૮ નો પત્રક્રમાંક: ટીડી/અનશ/ ફા.નં. ૧૧૫૩(૨)૨૦૧૭-૧૮/૮૨૮

ઠરાવ:-

આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત માધ્યમિક વિભાગની ૪૫ સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની વિજ્ઞાન પ્રવાહની ૨૬ આદર્શ નિવાસી શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ અને ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહી તે માટે તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી વંચાણે લીધા (૧) થી નિયત કરી ઠરાવવામાં આવેલ. ઉક્ત ઠરાવ બે વર્ષ સુધી જ અમલી હોઈ તથા આદિજાતિના બાળકોના શૈક્ષણિક હિત માટે ચાલુ રાખવી આવશ્યક હોઈ આ જોગવાઈ ચાલુ રાખવા માટે વંચાણે લીધા (૨) થી કમિશનરશ્રી(આ.વિ.) દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ.

પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત માધ્યમિક વિભાગની ૪૫ સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની વિજ્ઞાન પ્રવાહની ૨૬ આદર્શ નિવાસી શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ અને ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહી તે માટે તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની જોગવાઈને વધુ બે વર્ષ તા.૨૭/૦૬/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

આ અંગેના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૭/૦૬/૨૦૧૬ ના સમાનાંકી ઠરાવની અન્ય જોગવાઈઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૬/૦૬/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એ. નાગોરી)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ,
સર્વે મદદનીશ કમિશનરશ્રીઓ (આ.વિ.).
કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ડી.આર.ઈ.આઈ.એસ., બિરસામુંડા ભવન, ગાંધીનગર.
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા સિલેક્ટ ફાઈલ.